

## મહાજાતિ ગુજરાતી

ચંદ્રકાંત બક્ષી
નવભારત સાહિત્ય મંદિર
પ્રથમ આવૃત્તિ (ત્રીજું પુનઃમુદ્રણ) : ૨૦૦૪,
કિંમત : રૂ.૧૦૦ પાનાં : ૨૦૮

*ગુજરાતની ખાસિયતો ઉપરાંત ૧૧ જાતિઓનો ગુજરાત સંદર્ભે પરિચય કરાવતા વિશિષ્ટ લેખો*

ગુજરાતી મધ્યમમાર્ગી પ્રજા છે- મહાજાતિ છે કે મીનીજાતિ એ ખબર નથી. 'બોલે તેનાં બોર વેચાય'ની સાથે સાથે જ એ કહી શકે છે 'ન બોલ્યામાં નવ ગુણ!' ગરવી ગુજરાતની સાથે સાથે એ ગાંડી ગુજરાત પણ કહેવાય છે. કદાચ 'દાઝ' જેવો શબ્દ આ ભાષા જ આપી શકે. દાઝ એટલે લાગણી, અનુકંપા, પ્રેમ, ચીડ, ગુસ્સો, દ્વેષ, વેર બધું જ! માનસશાસ્ત્ર 'લવ-હેટ' જેવું કંઇક. ગુજરાત માટે મને દાઝ છે... અને એ ઉપરના બધા જ અર્થોમાં.



## મળવા જેવો માણસ

અશોક દવે
ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
પહેલી આવૃત્તિ : ૧૯૯૯,
કિંમત : રૂ.૭૫ પાનાં : ૧૮૮

*૫૦ હાસ્યલેખો*

...માફિયા ડોનો કે ટપોરીઓને પોલીસ મુઠભેડ (એન્કાઉન્ટર)માં માર્યા પછી છાપાંઓમાં એ મુઠભેડની વાર્તા અથવા નાટક પ્રજાને ગળે ઉતરે એવી ભાષામાં લખી આપવા ગુજરાતી સાહિત્યના લેખકો પાસેથી સીલબંધ અરજીઓ મંગાવવામાં આવે છે...પોલીસો ફક્ત પોલીસ હોવાથી એમને બંદૂકની જેમ કલમ ચલાવતાં ન આવડે. પરિણામે, ગુંડાઓને પોલીસ એન્કાઉન્ટરમાં ખતમ કરી નાખ્યા પછી ગુન્ડે-ગુન્ડે એકની એક સ્ટોરી આપવી પડે છે અને પ્રજા પોલીસ ન હોવાથી બુદ્ધિશાળી છે, એટલે તરત સમજી જાય છે કે 'આ પણ એક નાટક જ હતું.'...પોલીસ તંત્રને બદનામ થતું અટકાવવા લેખકો પ્રત્યેક મૂઠભેડે નવો ડ્રામ કે પ્લોટ લખીને આપી શકે, એ માટેની અરજીઓ દિન સાતમાં, શરતોને આધીન રાજ્યના પોલીસવડાને મોકલી આપવી.



## મળેલા જીવ

પન્નાલાલ પટેલ
સાધના પ્રકાશન (અમદાવાદ)
સત્તરમું પુનર્મુદ્રણ : ૨૦૦૫, કિંમત : રૂ. ૧૩૦, પાનાં : ૨૭૨

અભૂતપૂર્વ લોકચાહનાને વરેલી આ નવલકથાનાં પાત્રો 'જીવી' અને 'કાનજી' આજે પણ એટલાં જ આકર્ષે છે

જીવીનો જીવ અત્યારે કોઇ જુદા જ મલકમાં હતો. કાનજીની આંખ સાથે અથડાતી પહેલી નજર તો એણે બચાવી લીધી, પરંતુ બીજી વાર તો એ પોતે જ કાનજી તરફ તાકી રહી. મરક મરક હાસ્ય સાથે બોલી : 'આ પાવા તો દેખાડવા રાખ્યા છે કે વગાડવા?'

'પે'લાં દેખાડવા ને પછી વગાડવા.' કહેતાં કાનજીએ પાવા મોંમાં ઘાલ્યા. જાણીતા ગાણાની બે લીટી વગાડી :

*'ફાગણને વાયરે આવ્યાં જોબનિયાં,*
*વૈશાખી વાયરે ઊડી જતાં!'*

અને પછી પાવા બંધ કરી જીવી તરફ જોતાં કાનજીએ પૂછી નાખ્યું : 'સમજ્યાં કે કાંઇ નહિ?'



## માધવ ક્યાંય નથી

હરીન્દ્ર દવે
પ્રવીણ પુસ્તક ભંડાર
પ્રથમ આવૃત્તિ(અગિયારમું પુનર્મુદ્રણ) : ૨૦૦૩,
કિંમત : રૂ. ૧૨૫, પાનાં : ૨૭૦

નવલકથા

કૃષ્ણનું એ મહાકાળ જેવું રૂપ પોતાથી કેટલી નજીક રહીને પસાર થઇ ગયું એ યાદ કરતાં અત્યારે પણ નારદ કંપી ઊઠ્યા. અત્યારે દેવકીની વાણીમાંથી બંધાતા કોઇક આકારને તેઓ નિહાળી રહ્યા હતા. 'નારદ, કૃષ્ણનું આ રૂપ તમને કેવું લાગે છે?' તેમના મનમાં એ પ્રશ્ન ફરી ઘૂમરાઇ રહ્યો. દેવકી તો પોતાના વિચારોમાં મગ્ન હતી. એ કહી રહી હતી : 'યશોદા કેટલી સદ્‌ભાગી કે એના ભાગ્યમાં કૃષ્ણ અને બળરામના મીઠા અને નાના ઝઘડાઓ પતાવવાનું જ આવ્યું હતું અને એ ધારે ત્યારે બળરામને ટપલી મારી બેસાડી દેતી કે કૃષ્ણને ઊખળ સાથે બાંધી શકતી. હું કૃષ્ણ અને બળરામની માતા છું, પણ જે બાળકો મારા ખોળામાં રમ્યા નથી એની જોડે એક આકરો શબ્દ બોલવાની મને ફાવટ આવી નથી અને આજે કૃષ્ણ અને બળરામ બંને સામસામા મોરચે આવીને ઊભા રહે એવી પરિસ્થિતિ છે છતાં...'



## માનવીની ભવાઇ

પન્નાલાલ પટેલ
સાધના પ્રકાશન (અમદાવાદ)
પંદરમી આવૃત્તિ : ૨૦૦૩, કિંમત : રૂ. ૧૭૫, પાનાં : ૩૮૨

છપ્પનિયા દુકાળને અત્યંત સંવેદનશીલ શબ્દોમાં આલેખતી ભારતીય જ્ઞાનપીઠ પુરસ્કૃત નવલકથા

ધરતી પર મોતનો વરસાદ વરસી રહ્યો! વનમાં ને ખેતરોમાં, બજારમાં ને શેરીઓમાં - જ્યાં જુઓ ત્યાં માનવીનાં મડદાં જ મડદાં! ક્યાં બાળવાં ને ક્યાં દાટવાં! પછી કાણ, સૂતક ને સરાવવાની તો વાત જ ક્યાં રહી! પાછળ રહેલાં તો સંબંધીને આગળ કર્યાની રાહત જ અનુભવતાં હતાં, ખુશ થતાં હતાં : 'ગણતાં રહ્યાં... ન દેખવાં ન દાઝવાં!'

અરે કાળુ સરખાને તો અદેખાઇ જ આવતી હતી : 'રણછોડભાઇ ને શંકરદા તો છૂટ્યા આ દુઃખમાંથી ને ભૂખમાંથી. અરેરે! એ તો અમ્મરિયા થઇ ગયા! ને રહ્યા આપણ! કોણ જાણે ક્યાં લગી કરમમાં આ ભૂખે ટળવળવાનું હશે?'